ગાંધીનગર પાણી બાબતે અન્ય વિસ્તારો કરતા સુખી ગણાય છે. જો કે દિવસમાં માત્ર એક જ વખત પાણી આવતું હોવાથી પાણીનો સંગ્રહ વ્યવસ્થિત રીતે કરવો પડે છે. વળી અહીં પાણી માટે જાહેર નળ કે હેન્ડપંપની કોઈ વ્યવસ્થા ન હોવાથી ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓને વપરાશ માટેના પાણી માટે વલખાં મારવા પડે છે. તસવીરમાં દેખાતી નાની દિકરી પાણી ભરવા માટે વહેલી સવારથી જ કવાયતમાં લાગી જાય છે. જયાંથી મળે ત્યાંથી પરિવાર માટે પાણી એકત્ર કરી લે છે.

શહેરમાં અગનવર્ષા : મહત્તમ તાપમાન ૪૩.૫ ડીગ્રી : માર્ગો સુમસામ બન્યા

ગઇકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો : રાત્રિનુ તાપમાન પણ ૨૯ ડીગ્રીએ : રજાના દિવસે આગની જ્વાળ સમાન ગરમીથી બચવા શહેરીજનો ઘરમાં પુરાયેલા રહ્યા : સેકટરોની શેરીઓ અને શોપિંગ બજારમાં બપોરના સમયે સુનકાર : ગરમીનો મિજાજ સતત ઉગ્ર રહેતા નગરજનો બેબાકળા

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં ઉનાળાના પ્રારંભથી જ ગરમીનો મિજાજ આકરો રહ્યો છે. માર્ચ મહીનામાં જ ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ પહોચી ગયો હતો. જયારે એપ્રિલ મહીનામાં ગરમીનો મિજાજ એકદમ ઉગ્ર બનતા મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીને અડી જતા નગરજનોએ કાતિલ ગરમી અનુભવી હતી શહેરમાં હાલ પણ છેલ્લા એક સપ્તાહથી ગરમીના પારાની નજીવી ચઢ ઉતર વચ્ચે શહેરીજનો આકરી ગરમી અનુભવી રહ્યા છે. જયારે આજે અચાનક જ મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ઉંચકાતા ગરમી ૪૩.૫ ડીગ્રી પહોંચી ગઇ હતી. જેના લીધે સવારથી જ આકરી ગરમીથી નગરજનો બેબાકળા બન્યા હતા. રજાના દિવસે આકાશમાં અગ્નજવાળ વરસતા શહેરીજનો હીટવેવથી બચવા માટે ઘરમાં પુરાયેલા રહ્યા હતા. શહેરીજનોએ તેજાબી ગરમીનો અનુભવ કર્યો હતો.

ગાંધીનગરમાં આજે ગરમીનો પારો ૪૩.૫ ડીગ્રી પહોંચી જતા નગરજનોએ દિવસ દરમિયાન તેજાબી ગરમીનો અહેસાસ કર્યો હતો. ગઇકાલે મહત્તમ તાપમાન ૪૧.૫ ડીગ્રી રહ્યુ હતુ જયારે આજે ગરમીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ઉંચકાયુ હતુ. સવારથી જ વાતાવરણમાં આકરી ગરમીની અસર વર્તાતી હતી. જયારે બપોર થતા ઘરની બહાર ન નિકળી શકાય તેવી સ્થિતિ સર્જાઇ હતી જો કે રજાનો દિવસ હોવાના લીધે નગરજનો આમ પણ ઘરે રહ્યા હતા. રજાના દિવસે કાતિલ ગરમીથી બચવા માટે સ્થાનિકોએ સોશિયલ કોલ પણ કર્યા ન હતા. સેકટરોમાં બપોરના સમયે સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો સેકટરોની શેરીઓમાં પણ સાંજ સુધી સુનકાર પ્રવર્તયો હતો. જયારે બપોરના સમયે સેકટરોના શોપિંગ બજારમાં પણ ખાલીપો જોવા મળ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

કેન્દ્ર સરકારે ગ્રાન્ટ અટકાવતાં ચોંકી ઉઠેલી રાજ્ય સરકાર

રાજ્યના ૨૫ જિલ્લામાં ૧૫મા નાણાંપંચની વર્ષ-૨૦૨૧-૨૨ની ગ્રાન્ટ ૫૦ ટકા પણ વપરાઈ નથી : ૧૦ તાલુકા પંચાયતોએ તેમના જિલ્લાની ગ્રાન્ટના વપરાશનું આયોજન પણ કર્યુ નથી : તંત્રમાં સંગઠ્ઠનની દરમ્યાનગીરીથી કામો ખોરવાયાની ચર્ચા

ગાંધીનગર, તા. ૮

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી ૫૦ ટકા રકમનો ખર્ચ ૨૫ જિલ્લાઓ દ્વારા ન થતાં ગ્રાન્ટનો બીજો હપ્તો તથા નવા નાણાંકીય વર્ષની ગ્રાન્ટ કેન્દ્ર સરકારે અટકાવી દીધી છે.

તાજેતરમાં પંચાયત વિભાગ દ્વારા આ અંગે યોજાયેલ સમીક્ષા બેઠકમાં અધિકારીઓનો રીતસરનો ઉઘડો લેવામાં આવ્યો હતો. મળતી વિગતો પ્રમાણે ૧૩ જેટલા જિલ્લા તો એવા જણાયા છે કે જ્યાં ૩૦ ટકાથી ૪૦ ટકાની વચ્ચે જ આ ગ્રાન્ટનો વપરાશ થયો છે.

નાણાંપંચની ગ્રાન્ટનો વપરાશ ન થતાં કેન્દ્ર સરકાર પણ ચોંકી ઉઠી છે અને રાજ્યને નવી ગ્રાન્ટ નહિ ફાળવવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળેલ છે.

સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે કે કેટલીક જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોએ તો તેમને મળતી જિલ્લા અને તાલુકા કક્ષાની ગ્રાન્ટનું આયોજન પણ મંજૂરી માટે મોકલ્યુ નથી એટલે ખર્ચ કરવાની વાત તો બાજુ પર રહી જાય છે.

૧૫મા નાણાંપંચની ગ્રાન્ટ ફાળવણી નીતિ અટપટી હોવાથી ઘણા બધા ગામોમાં ગ્રાન્ટ વણવપરાયેલી રહી છે. પંચાયતોની ચૂંટણી પછી કે પહેલા પણ અધિકારીઓ દ્વારા પંચાયતના પદાધિકારીઓને જે માર્ગદર્શન આપવુ જોઈએ તે આપવામાં આવ્યુ નથી. અધિકારીઓને માત્ર સરકારની વાહવાહી મેળવવામાં અને કરવામાં જ રસ દાખવી રહ્યા છે. જિલ્લાના અધિકારીઓ જિલ્લાનો પ્રવાસ કરતા નથી એટલુ જ નહિ પણ ઘણા બધા જિલ્લામાં માત્ર સંગઠ્ઠનના અભિપ્રાયોને જ આધારે જ વહીવટીતંત્રને ચલાવવામાં રસ દાખવી રહ્યા હોવાથી જિલ્લાઓમાં વિકટ સ્થિતિનું નિર્માણ થયુ છે.

વિકાસના કામો અટકી ગયા છે. ડી.ડી.ઓ. પોર્ટલમાં પણ એન્ટ્રીઓ પુરી કરાતી નથી એટલુ જ નહિ તેની ખરાઈ પણ શંકાના દાયરામાં હોવાથી હવે દરેક જિલ્લામાં એક નાયબ જિલ્લા વિકાસ અધિકારીને આ જવાબદારી સોંપવામાં આવે અને તે ખરાઈ સાથે એન્ટ્રી કરે તેવી સૂચનાઓ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

જિલ્લાના ગ્રામીણ મતદારોને રિઝવવા માટેના ભરપૂર પ્રયાસો વચ્ચે આ ચોંકાવનારી હકીકતો બહાર આવતાં સરકાર પણ ડઘાઈ ગઈ છે. મોટાભાગના જિલ્લાઓમાં વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે શીતયુદ્ધ ચાલી રહ્યા છે. ચૂંટાયેલી પાંખ અનુભવ નહિ હોવાથી પંચાયતોના વહીવટમાં સંગઠ્ઠનના ઈશારે જ કામ કરવાના અભિગમ સાથે અધિકારી રાજ જે પ્રવર્તે છે તેણે

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં કોરોનાનાં નવા ૩૭ કેસ : ૧૫ દર્દી રિકવર થયા

ગાંધીનગર, તા.૮

કોરોનાના આંકડા ગુજરાતમાં ઉતાર ચઢાવ જોવા મળી રહ્યો છે. નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરાયેલી ભીતિ કે જુન-જુલાઈમાં કોરોનાની વધારે એક લહેર આવી શકે છે સાચી ઠરશે કે શું તેવા સવાલો થઈ રહ્યા છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૩૭ કેસ નોંધાયા છે. જે અગાઉ ૨૭ હતા. બીજી તરફ ૧૫ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૪૧૬ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકાએ પહોંચી ચુક્યો છે. જો કો રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં રસીના આજે કુલ ૧૧,૩૯૯ ડોઝ અપાયા હતા.

કોરોનાના આંકડા ગુજરાતમાં ઉતાર ચઢાવ જોવા મળી રહ્યો છે. નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરાયેલી ભીતિ કે જુન-જુલાઈમાં કોરોનાની વધારે એક લહેર આવી શકે છે સાચી ઠરશે કે શું તેવા સવાલો થઈ રહ્યા છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૩૭ કેસ નોંધાયા છે. જે અગાઉ ૨૭ હતા. બીજી તરફ ૧૫ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૪૧૬ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકાએ પહોંચી ચુક્યો છે.

છ વર્ષ બાદ પુનઃ સ્માર્ટ વિલેજની યોજના અમલી કરાઈ

સ્માર્ટ વિલેજ માટે રૂ. પાંચ લાખનું પારિતોષિક અપાશે : જિલ્લા અને તાલુકાકક્ષાએ ૧૧ માપદંડોને ધ્યાને રાખી સમિતિ માર્ક્સ આપશે

ગાંધીનગર, તા. ૮

રાજ્ય સરકારના પંચાયત વિભાગે ૨૦૧૬માં અમલી બનાવેલ સ્માર્ટ વિલેજ યોજનાના માળખામાં ફેરફાર સાથે નવા રૂપરંગ સાથે આ યોજના પુનઃ અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આ યોજનામાં ૨૦૧૭, ૨૦૧૮માં પણ સુધારા કરવામાં આવ્યા હતા. આ સ્માર્ટ વિલેજને રૂ. પાંચ લાખનો પુરસ્કાર નવી યોજનામાં છે.

સ્માર્ટ વિલેજ એટલે અદ્યતન ટેકનોલોજી અને ગ્રામીણ પ્રથાઓનું સંકલન કરી ગ્રામજનોના જીવનધોરણની ગુણવત્તા તથા ગામના આર્થિક સામાજિક અને પર્યાવરણીય મૂલ્યોના સંવર્ધન કરવા સતત પ્રયાસરત હોય સાથે પૂરતા પ્રમાણમાં માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ હોય, તે અંગેના માપદંડ પણ સરકાર દ્વારા નિયત કરવામાં આવ્યા છે.

સ્માર્ટ વિલેજની પસંદગી માટે જિલ્લા પસંદગી સમિતિની રચના કરવામાં આવી છે. આ માટેના જે ધોરણો નિયત કરાયા છે તેમાં મુખ્ય ગામ બારમાસી પાકા રસ્તાઓથી જોડાયેલ હોવુ જોઈએ તથા શક્ય હોય ત્યાં સુધી સ્ટેટ હાઈવે પર હોવુ જોઈએ.

પ્રાથમિક સુવિધા તરીકે પાકા રસ્તા, ગટર વ્યવસ્થા, સ્ટ્રીટલાઈટ તેમજ સંપૂર્ણ સફાઈ હોવી જોઈએ. ગામની વસ્તી ૨ હજારથી ઉપરની હોવી જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર

ઢોર નિયંત્રણ કાયદાના વિરોધમાં માલધારી સમાજ ફરી મેદાને પડ્યો

૨૧ થી ૩૧ મે દરમ્યાન માલધારી સમાજ ધારાસભ્યોને આવેદનપત્ર આપશે : દહેગામના ઝાંકમાં માલધારી પંચાયત મહાસભામાં નિર્ણય કરાયો

ગાંધીનગર, તા. ૮

આગામી ૨૧ થી ૩૧ મે દરમ્યાન ઢોર નિયંત્રણ મુદ્દે ધારાસભ્યોને આવેદનપત્રો આપવાનો નિર્ણય દહેગામના ઝાંક ગામે મળેલ માલધારી સમાજની મહાપંચાયતમાં લેવામાં આવ્યો છે.

આજે મળેલ બેઠકમાં ૧૦ થી ૨૦ મે દરમ્યાન પંચાયતના સ્વયંસેવકો દ્વારા ગામે ગામ અને શહેરમાં સ્વયંસેવકો ફરી ફરી આ કાયદાનો વિરોધ કેમ તે અંગેની પત્રિકાઓનું વિતરણ કરશે તેમજ જન જાગત્તિ અભિયાન છેડશે.

આ પછી ધારાસભ્યોને આવેદનપત્ર આપી કાયદો રદ કરવાની માંગ કરવામાં આવશે.

સરકાર દ્વારા ઢોર નિયંત્રણ કાળા કાયદા માટે કોઈ નિર્ણાયક પગલા લેવાયેલા નથી ત્યારે માલધારી મહાપંચાયત આંદોલન સમિતી દ્વારા આજ રોજ ૦૮/૦૫/૨૨ ના રોજ ,રબારી સમાજ ધર્મગુરુ ગાદી ઝાંક મંદિર,ઝાંક-ગામ, નરોડા-દેહગામ હાઈવે,તા-દેહગામ,જીલ્લો-ગાંધીનગર ખાતે માલધારી મહાપંચાયત ના આખા ગુજરાત ના જીલ્લા વાઈસ આંદોલન ના સ્વયંસેવકો, કાર્યકર્તાઓ, સામાજીક આગેવાનો, યુવાનો, વડીલો તેમજ ધાર્મિક ,રાજકીય આગેવાનો ની મિટીંગ નું આયોજન થયેલ.

જેમા માલધારી સમાજ ના ધારાસભ્ય શ્રી રઘુભાઈ દેસાઈ, ધારાસભ્ય શ્રી લાખાભાઈ ભરવાડ અને સમાજ ના ધાર્મિક ,રાજકીય અને સામાજીક આગેવાનો એકત્ર થઈ આગળની રણનીતિ બાબતે ચર્ચા,વિચારણ અને વિમર્શ કરવામાં આવ્યા અને આંદોલન ની આગળ ની રણનીતી નક્કી કરવામાં આવી. આ રણનીતી અન્વયે આવનાર તારીખ ૧૦ થી ૨૦ મે સુધી કાયદા બાબત ની સમજ આપતી પત્રીકા ઓ દરેક શહેરો, ગામડે અને નેહડે નેહડે વહેંચવાનુ નક્કી કરવામાં આવેલ ત્યાર બાદ તારીખ ૨૧ થી ૩૧ મે સુધી દરેક વિધાનસભા ના ધારાસભ્યો ને આવેદન આપવામાં આવશે અને તેમના વિડીયો થકી અને લેખીત મા સમર્થન લેવાનું નક્કી કરવામાં આવ્યુ તેમજ દરેક ધાર્મિક સંસ્થા ઓ ના પણ સમર્થન લેવા માં આવશે તેમજ જે તે વિસ્તાર વાઈસ જે પણ ધાર્મિક મંદિર કે સંસ્થા હોય એમના પણ આ સમયગાળા દરમ્યાન સમર્થન લેવાનું નક્કી કરવામાં આવ્યુ.

તેમજ બન્ને ધારાસભ્ય શ્રી અને અન્ય ધાર્મિક ,રાજકીય અને સામાજીક આગેવાનો એ માલધારી સમાજ ને પણ આહવાન કર્યુ કે દરેકે ભેગા મળી ખૂબ તાકાતથી લડાઈ લડવાની છે. અને હજુ ગાંધીચીંધ્યા માર્ગે અહિંસક રીતે આંદોલન ચાલું રાખવાનું છે. તેમજ જરુર પડશે તો જલદ આંદોલનો કરવા પડશે તો એ પણ કરવાની તૈયારી બતાવી હતી જેમા દુધ ના અણુજા કરવા, ગાયો લઈ ઘેરાવ કરવા, આમરણાંત ઉપવાસ જેવા કાર્યક્રમો કરવાની પણ આ આગેવાનો એ તૈયારી રાખવા સમાજ ને આહવાન કરેલ.

નાના ગ-રોડ ઉપર ગ-૨ થી ગ-૩ તરફ જવાના માર્ગે બાવળના ઝાડનું ડાળુ અચાનક પડી ગયું હતું. જો કે આ સમયે અહીં વાહનોની કોઈ અવરજવર ન હોવાથી કોઈ જાનહાની થઈ નથી. જો કે, ઝાડની સ્થિતિ જોતા આખુ ઝાડ નમી ગયું છે અને બીજુ ડાળુ પણ પડું-પડું થઈ રહ્યું છે... તંત્ર દ્વારા તાકિદે ટ્રીમીંગ કરે તો જાનીહાની ટાળી શકાય તેમ છે...

અમદાવાદ એનઆઈડી કેમ્પસમાં કોરોના વિસ્ફોટ

અમદાવાદ, તા.૮

કોરોનાની ત્રીજી લહેર બાદ ફરીથી અમદાવાદ શહેરમાં કોરોના કેસ વધ્યા છે. આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર કરવામાં આવેલી એક યાદી પ્રમાણે શહેરના પાલડી વિસ્તારમાં આવેલા NID (નેશનલ ઈંસ્ટીટ્યુટ ઓફ ડિઝાઈન) કેમ્પસમાં મોટા પ્રમાણમાં એક સાથે કોરોના કેસ નોંધાતા કેમ્પસના બોયઝ હોસ્ટેલનો ઝ બ્લોક માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયો છે. પાલડીમાં આવેલા ફ્રેંઢ કેમ્પસમાં થયેલા કોરોના ટેસ્ટિંગમાં ૨૪ કોરોના પોઝિટિવ કેસ મળ્યા હતા.

આ પોઝિટિવ આવેલા વિદ્યાર્થીઓમાં કેટલાક વિદ્યાર્થીઓ વિદેશના હોવાનું પણ જાણવા મળ્યું છે. જેને લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોરોના સંક્રમણને અટકાવવા માટે પગલાં લેવામાં આવ્યા હતા.

કેપિટલ સ્ટેશન પર આવતી ટ્રેઈન ઉવારસદ સ્ટોપ આપવા સ્થાનિકોની રજુઆત

ઉવારસદથી ટ્રેઇન સેવા માટે કેપિટલ સ્ટેશન સુધી લાંબા થવુ પડે છે : મણિનગર કાલુપુર નજીકના જંકશન પર બે ઠેકાણે સ્ટોપેજ છે તેવી વ્યવસ્થા કરવા પ્રબળ માંગ

ગાંધીનગર તા ૮

ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે આ વિસ્તારમાં અદ્યતન હોટલ ધમધમતી થયા બાદ સ્ટેશન વિસ્તારનો નઝારો બદલાયો છે. જો કે હજુ નવી ટ્રેઇન કેપિટલ સ્ટેશનને ફાળવવામાં આવે તેવી માગણી પણ પ્રબળ છે. હાલ કેપિટલ સ્ટેશન પર આવતી ટ્રેઇન ઉવારસદ ટ્રેક પર સ્ટોપ થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. અમદાવાદમાં કાલુપુર મણિનગર એમ બે નજીકના સ્ટોપેજ પરથી ટ્રેઇન સેવા મળે છે જયારે ગાંધીનગરમાં પણ સ્થાનિકોની સુવિધાને ધ્યાને લઇ વ્યવસ્થા ગોઠવાય તેવી લાગણી પ્રબળ બની છે.

ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. દાયકાઓ સુધી શહેરના એક ખુંણે ટ્રેઇન સેવા અને મુસાફરલક્ષી સુવિધાના અભાવ વચ્ચે હાંસિયામાં ધકેલાયા સ્ટેશન વિસ્તારની રોનક નિખરી છે. આ ઠેકાણે અદ્યતન હોટલનુ નિર્માણ કરવાની સાથે સ્ટેશનની પણ કાયાપલટ કરી દેવામાં આવી છે જેના લીધે સ્થાનિકો પણ સ્ટેશનની ગતિવિધિ તરફ આકર્ષાયા છે. બીજીતરફ કેપિટલ સ્ટેશન પર તબક્કાવાર નવી ટ્રેઇનો પણ શરૂ કરવામાં આવતા સ્ટેશનને રાજય તેમજ બહારગામના વિસ્તાર સાથે નવુ જોડાણ મળ્યુ છે. હાલ આ સ્ટેશન પર હરિદ્વાર ગરીબ રથ, ઈન્દોર સહીતના વિસ્તારમાં દોડતી ટ્રેઇનની અવરજવર છે. જયારે અન્ય ટ્રેઇન પણ લંબાવવા માટે વર્ષોથી નગરની શુભચિંતક સંસ્થા શહેર વસાહત મહામંડળ દ્વારા રજુઆતો કરવામાં આવે છે. જો કે આ રજુઆતને હજુ પુર્ણરૂપે ન્યાય મળ્યો નથી. ત્યારે હવે કેપિટલ સ્ટેશન પરથી ટ્રેઇન સેવા મળી રહે છે તે મુજબ ઉવારસદ જંકશન પર ટ્રેઇન સ્ટોપ થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. ઉવારસદ ગામના સરપંચ ઉપરાંત સ્થાનિક અગ્રણી કનુભાઈ પટેલે આ અંગે રજુઆત પણ કરી છે. કેપટિલ સ્ટેશન અને ઉવારસદ જંકશન વચ્ચે અંદાજિત ૮ કી મીનુ અંતર છે. જયારે નજીકના અંતરમાં ટ્રેઇન બે વાર સ્ટોપ ન થાય તેવો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. જયારે અમદાવાદમાં કાલુપુર અને મણિનગર જંકશન પર ટ્રેઇન સ્ટોપ થાય છે. જેના લીધે મુસાફરોને હાલાકી વેઠવી પડતી નથી. ઉવારસદના ટ્રેક પર ટ્રેઇન સ્ટોપ થાય તો મુસાફરોએ કેપિટલ સ્ટેશન સુધી લાંબા અંતરે આવવુ ન પડે તેવી લાગણી પણ પ્રબળ બની છે. જો કે આ મુદ્દે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે પણ રેલવે વિભાગને રજુઆત કરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com